Sir H. N.
Reliance
Foundation Hospital
RESPECT FOR LIFE

# સંશોધન સહભાગીના અધિકારો અને જવાબદારીઓ અંગેનો દસ્તાવેજ

**સંશોધન સહભાગીઓના અધિકાર**
**સંશોધન અધ્યયનમાં સહભાગી તરીકે તમને નિમ્નલિખિત અધિકાર છે:**

1. સંશોધક સાથે માહિતસભર ચર્ચા, જેમાં અધ્યયન ઉત્તર આપવાના પ્રયાસ કરે છે તે અધ્યયનના સંશોધન પ્રશ્ન, તમે તેમાં કઈ રીતે સંકળાશો, અધ્યયન કેટલો સમય ચાલશે અને અધ્યયનમાં તમારી ભૂમિકા સમજાવવાનો સમાવેશ થાય છે. આ ચર્ચા કોઈ પણ દબાણ વિના તમને સમજાય તે ભાષામાં હાથ ધરાશે અને તમે અધ્યયનમાં ભાગ લેવા માગો છો કે નહીં તે નક્કી કરવા માટે તમને પૂરતો સમય આપશે.

2. અધ્યયનમાં સહભાગીઓનાં જવાબદારીપૂર્વકનાં દેખીતાં જોખમો અને શક્ય લાભો વિશે તમને જાણ કરાશે.

3. તેમાં કોઈ ખર્ચ સંકળાયેલો છે કે નહીં અને અધ્યયનમાં ભાગ લેવા માટે તમને કોઈ વળતર મળશે કે નહીં તે વિશે માહિતગાર કરાશે.

4. ગોપનીયતા અને વિશ્વસનીયતા વિશે જાણકારી.

5. તમારા વિશે ભેગી કરાયેલી માહિતીને કોણ પહોંચ ધરાવી શકે અને તમારી ગોપનીયતાનું રક્ષણ કઈ રીતે કરાશે તે વિશે તમને માહિતગાર કરાશે.

6. સંશોધનનો કયો ભાગ પ્રયોગાત્મક છે અને સંભાળનું ધોરણ શું છે તે વિશે સમજાવવામાં આવશે.

7. સંશોધન વિશે પ્રશ્નો, સંશોધન સંબંધી ઈજા વિશે પ્રશ્નો, સંશોધનના દર્દી તરીકે તમારા અધિકારો વિશે, મૂંઝવણ હોય તો ફરિયાદ કઈ રીતે કરવી, તમારા અધિકારોનું ઉલ્લંઘન અને/અથવા ફરિયાદ અને તેનું નિવારણ કઈ રીતે મેળવવું તે વિશે તમને માહિતગાર કરાશે.

8. કોઈ પણ સમયે દંડ વિના કે લાભોને નુકસાન વિના અધ્યયનમાંથી પાછા હટવું હોય અથવા ભાગ લેવાનો ઈનકાર કરવા વિશે જાણકારી અપાશે (અધ્યયન છોડવાથી તમારી તબીબી સંભાળ, વિદ્યાર્થીની સ્થિતિ, કામની સ્થિતિ વગેરેનો કોઈ અસપર નહીં થશે).

9. તમે ધરાવો તે અન્ય બિન-સંશોધન ઉપચાર પસંદગીઓ અને સંભાળની સાતત્યતા જાળવવા વિશે તમને માહિતગાર કરાશે.

10. જો તમને સંશોધન સંબંધી ઈજા થાય તો ઉપચારની વિગતો અને તે માટે કોણ ચુકવણી કરશે તે વિશે માહિતગાર કરવામાં આવશે.

**સંશોધન સહભાગીઓની જવાબદારીઓ**
**સંશોધન અધ્યયનમાં સહભાગી તરીકે તમે નિમ્નલિખિત જવાબદારીઓનું પાલન કરો એવી અપેક્ષા છે:**

1. સંમતિ પત્રક અને અન્ય દસ્તાવેજો વાંચો. જો તમને અધ્યયન વિશે કશું પણ સમજાય નહીં અથવા સંશોધન સહભાગી તરીકે તમારા અધિકાર અને જવાબદારીઓ, અધ્યયનમાં ભાગ લેવો કે નહીં તે નક્કી કરે ત્યારે જોખમો અને લાભો અથવા વધુ માહિતી જોઈતી હોય તો તે વિશે પ્રશ્નો પૂછો.

2. જાતે લેવાની અધ્યયન દવાઓનો યોગ્ય ઉપયોગ, માત્રા અને સંગ્રહ, જૈવિક નમૂનાઓ પૂરા પાડવા અને પરીક્ષણો, પ્રક્રિયાઓ અને નિરીક્ષણો માટે તૈયારીઓ કરવા માટે નિર્દેશોનું પાલન કરવું.

3. બિન અધ્યયન સંબંધી દવાઓથી દૂર રહેવા અથવા અન્ય સલાહ નહીં આપેલી દવાઓ કે પ્રક્રિયાથી દૂર રહેવા માટે નિર્દેશોનું પાલન કરવું.

4. નિર્ધારિત એપોઈન્ટમેન્ટ્સ ખાતે સમયસર હાજર રહેવું અને એપોઈન્ટમેન્ટના સમયમાં ફેરફાર કરવો હોય તો ઉચિત સમયમાં કર્મચારીને જાણ કરવી.

5. તપાસ/નોંધણી અને અધ્યયન દરમિયાન પુછાતા પ્રશ્નોના સાચા ઉત્તરો આપવા.

6. અધ્યયન દરમિયાન તમને મહેસૂસ થઈ શકે તે કોઈ પણ અસ્વસ્થતા, દર્દ કે અન્ય સમસ્યાઓ અને લક્ષણોની જાણ કરવી.

7. સંશોધન ડોક્ટર અને સંશોધન અધ્યયન ટીમને જાણ કર્યા વિના કોઈ પણ દવા નહીં લેવી.

8. જો તમે હાલમાં કોઈ પણ ચિકિત્સકીય પરીક્ષણ હેઠળ પસાર થતા હોય કે છેલ્લા એક વર્ષમાં કોઈ પણ અન્ય ચિકિત્સકીય પરીક્ષણમાં ભાગ લીધો હોય તો ડોક્ટર અને સંશોધન અધ્યયન ટીમને જાણ કરવી.

9. તમારો અગાઉનો તબીબી ઈતિહાસ અને આયુર્વેદ, હોમિયોપેથી, યુનાની અથવા હર્બલ દવાઓ જેવા વૈકલ્પિક ઉપચારો સહિત તમે હાલમાં લેતા હોય તે બધી દવાઓ, અગાઉની તપાસ અને ઉપચાર અને ખાસ કરીને કોઈ પણ દવા પ્રત્યે સંવેદનશીલ હોય તેવી એલર્જિક પ્રતિક્રિયાના બધા રેકોર્ડ્સ વિશે સંપૂર્ણ અને અચૂક માહિતી પૂરી પાડવી.

10. જો તમે અધ્યયનમાંથી પાછા હટવાનું નક્કી કરશો તો ડોક્ટર અથવા કર્મચારીને જાણ કરો અને પાછા હટવાની પ્રક્રિયાનું પાલન કરો.

અધ્યયનમાં સહભાગી તરીકે તમારા અધિકારો સંબંધમાં કોઈ પણ મૂંઝવણ/ચિંતાઓ માટે સંપર્ક કરો
ડો. રાહુલ જે વર્મા [મેમ્બર સેક્રેટરી, ઈન્સ્ટિટ્યુશનલ એથિક્સ કમિટી]
**rfh.academics@rfhospital.org / કૃપા કરી કોલ કરો 022 35475326**